# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરમાં તા. ૨૬/૧૨/૧૮ના રોજ 'ગાઈડેડ મેડિટેશન' વિશે સેમિનાર

'સ્વપરિવર્તનથી વિશ્વ પરિવર્તન'નાં મુખ્ય લક્ષ્યને સાકાર કરવા અધ્યાત્મ અને શિક્ષણનો સમન્વય થવો જરૂરી છે તે માટે પ્રજાપતિ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય વિશ્વમાં સક્રિય છે. આ ઉદાત્ત હેતુની સિધ્ધિનાં ઉપક્રમે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગરમાં તા. ૨૬/૧૨/૧૮ના રોજ 'ગાઈડેડ મેડિટેશન' વિશે સેમિનારનું આયોજન થયું હતું. જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં મા.કુલપતિશ્રી પ્રો. (ડૉ.) કે. એસ. લિખિયાસાહેબ, કુલસચિવશ્રી ડૉ. કમલામણી બહેન આર. રાવ, નાણાં અને હિસાબી અધિકારી આર. જે. શાહ સાહેબ, અધ્યાપકશ્રીઓ, સ્ટાફ તથા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ચાલતાં અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ, સગર્ભામાતાઓ અને શિશુપરામર્શન કેન્દ્રની માતાઓ તેમના બાળકો સહિત હાજર રહ્યાં હતાં. વિશેષમાં પ્રજાપતિ બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, મુંબઈથી માઈન્ડ મેડિટેશન નિષ્ણાત શ્રી ચિન્મયા જોશી, ઓમ શાંતિ સંસ્થામાંથી શ્રી બી. કે. કૃપલબહેન તથા તેમનો સ્ટાફ હાજર રહ્યો હતો.

દીપપ્રાગટ્ય અને પ્રાર્થના બાદ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં કુલસચિવ ડૉ. કમલામણીબહેન રાવ દ્વારા સૌને આવકાર આપવામાં આવ્યો. આસી. પ્રોફેસર ડૉ. ધર્માંશુભાઈ વૈદ્ય દ્વારા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો બૃહદ પરિચય આપ્યા બાદ મા.કુલપતિ પ્રો. (ડૉ.) કે. એસ. લિખિયા સાહેબનો પરિચય આપ્યો. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનાં અધ્યાપકશ્રીઓ દ્વારા મહેમાનશ્રીઓ અને મા.કુલપતિશ્રીનું પુસ્તક અને પુષ્પ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ ''માઈન્ડ મેડિટેશન'' નિષ્ણાંત શ્રી ચિન્મયા જોષીએ પોતાના વક્તવ્યમાં ''મનનાં સંકલ્પબળ દ્વારા કેવી રીતે ઈચ્છિત પરિણામ મેળવી શકાય તે પ્રવૃત્તિને નિદર્શન દ્વારા સમજાવ્યું હતું. બાળપણથી જ આપણા સૌના પ્રોગ્રામિંગ થયેલાં મનને કઈ રીતે ધ્યેયપ્રાપ્તિ માટે ક્રિયાશીલ બનાવી શકાય તેની સમગ્ર પ્રક્રિયા રજૂ કરી હતી.'' સેમિનારના અધ્યક્ષ પ્રો. (ડૉ.) કે. એસ. લિખિયા સાહેબે વ્યક્તિના ચાર અંતઃકરણ 'મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકારના ઘડતરની પ્રક્રિયા ખૂબ મહત્વની છે તે જણાવી તેમાંથી નકારાત્મક વિચારોને હકારાત્મક વિચારોમાં કેવી રીતે પરિવર્તિત કરવાં તે અંગેની વાત તેમનાં પ્રાસંગિક વક્તવ્યમાં રજૂ કરી હતી.

આસી. પ્રોફેસર ડૉ. જીગ્નેશભાઈ પટેલ દ્વારા કાર્યક્રમની આભારવિધિ કરવામાં આવી. વંદેમાતરમ ગાન સાથે કાર્યક્રમનું સમાપન થયું. સમગ્ર કાર્યક્રમનું સંયોજન અને સંચાલન આસી. પ્રો. ડૉ. રૂપમબહેન ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું.



